### કોરોનાની મહામારીમાં છેલ્લા એક મહિનાથી

# સતત કામ કરતા શિક્ષકોનો ઓર્ડર રદ કરવા રજુઆત

## આ શિક્ષકોના સ્થાને અન્ય શિક્ષકો કે શૈક્ષણિક સંસ્થાના અન્ય કર્મચારીઓને સામેલ કરવા પણ પ્રાથમિક શૈક્ષિક મહાસંઘની મ્યુનિ નાયબ કમિશનરને રજુઆત

ગાંધીનગર તા ૩

કોરાના કહેર વચ્ચે છેલ્લા એક મહીનાથી ખડેપગે કામ કરતા પ્રાથમિક શિક્ષકોનો ઓર્ડર રદ કરી અન્ય શિક્ષકો સહીત શૈક્ષણિક સંસ્થાના અન્ય કર્મચારીઓને સામેલ કરવા માટે ગાંધીનગર પ્રાથમિક શૈક્ષિક મહાસંઘે ગાંધીનગરના નાયબ મ્યુનિ કમિશ્નરને રજુઆત કરી છે.

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના અધ્યક્ષ સુનિલ પટેલ તેમજ મંત્રી એ જે ચૌધરીએ આ અંગે નાયબ મ્યુનિ કમિશ્નરને રજુઆતમાં જણાંવ્યા મુજબ કોરોનાની મહામારીમાં ડોકટર, પોલીસ અને નર્સ સાથે પ્રાથમિક શાળાના શિક્ષકો પણ ખુબ જ નિષ્ઠાપુર્વક ફરજ નિભાવે છે. અનાજ વિતરણ કેન્દ્રો પર કન્ટેનમેન્ટ ઝોન પર બાળકોને અનાજ, કુપન વિતરણ, સહીત બાળકોના ખાતામાં રકમ જમા કરાવવા ઉપરાંત, ડોર ટુ ડોર સર્વે આઈસોલેશન સેન્ટર પર કમાન્ડ એન્ડ કંટ્રોલ સહીતની નાની મોટી અનેક પ્રકારની કામગીરી કરી રહ્યા છે. ગત તા ૨૩ માર્ચથી લોકડાઉન દરમિયાન ડોર ટુ ડોરની કામગીરી કરવામાં છે. જયારે છેલ્લા બે મહીનાથી સતત આ કામગીરી કરવામાં આવી રહી છે.

સરકારી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા મોટાભાગના મહીલા શિક્ષકો છે. વધુમાં ૫૦ વર્ષથી મોટી ઉંમરના છે. તેમજ ડાયાબીટીસ, બી પી જેવી તકલીફો પણ ધરાવે છે. મોટાભાગના કર્મચારીઓ શિક્ષણ સચિવની સુચના મુજબ હાલમાં વતનમાં ગયા છે. જેથી બાકી રહેલા શિક્ષકોને વારંવાર કામગીરી સોંપવામાં આવે છે. હાલ પ્રાથમિક શાળાના શિક્ષકો અનાજ વિતરણ કેન્દ્ર પર તથા કન્ટેનમેન્ટ ઝોન પર ફરજ બજાવી રહ્યા છે. જયારે આ કામગીરી અન્વયે વધુ સ્ટાફની જરૂર ઉભી થશે. ત્યારે છેલ્લા એક મહીનાથી સતત કામગીરી કરતા શિક્ષકોનો ઓર્ડર રદ કરીને તેના સ્થાને કોવિડ-૧૯ અન્વયે કયારેય કામ ન કર્યુ હોય તેવા શિક્ષકોને ફરજ સોંપાય તે પણ જરૂરી છે.

જયારે શિક્ષણ વિભાગના માધ્યમિક શાળાના નોન વેકેશનલ સ્ટાફ, માધ્યમિક શાળાના આચાર્ય, શિક્ષકો, નોન વેકેશનલ સ્ટાફ, માધ્યમિક શાળાના આચાર્યો, શિક્ષકો જી સી ઈ આર ટી તથા ડાયટનો સ્ટાફ વાણિજય વિનિયન કોલેજ સ્ટાફ આઈ ટી આઈ સ્ટાફ વગેરે જેવી શૈક્ષણિક સંસ્થાઓના સરકારી કર્મચારી હોવાથી તેમની પણ સામેલગીરી કરવામાં આવે તેવી માંગણી પણ મહાસંઘે કરી છે. આ મામલે અગાઉ શૈક્ષિક મહાસંઘે ૧૮ મેં ના રોજ લેખિત રજુઆત પણ કરી છે. આ રજુઆતને શિક્ષકોના હીતમાં ત્વરિત નિર્ણય લેવાય તેમ પણ જણાંવાયુ છે.



ગાંધીનગર જિલ્લા સેવા સદન ખાતે આવેલા જનસેવા કેન્દ્રમાં કામ અર્થે આવતાં નાગરિકોને તકલીફ ન પડે. તેમજ કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા માટે ખૂબ જ જરૂરી તેવું સોશિયલ ડિસ્ટન્સીંગ જનસેવા કેન્દ્રમાં સુચારું રીતે જળવાઇ રહે તેવા ઉમદા આશયથી જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યની સૂચનાથી જનસેવાના પ્રવેશ ધ્વારે મંડપ બંધાવવામાં આવી રહ્યો છે. જેથી જનસેવા કેન્દ્ર ખાતે રાજય સરકારની વિવિધ સેવાનો લાભ લેવા આવતાં નાગરિકોનો ધસારો જનસેવા કેન્દ્રમાં થશે નહી, તેમજ કોરોના વાયરસના કારણે સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાઇ રહે તે માટે સુચારું રીતે લાઇન કરાવી શકાશે. તેમજ કામઅર્થે આવેલા નાગરિકોને તડકામાં ઉભા રહેવું પણ નહી પડે.

## સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગર દ્વારા અનાજની કીટ અને રોકડ સહાય

ગાંધીનગર, તા. ૩

લોકડાઉનના કારણે કર્મકાંડી બ્રાહ્મણ કુટુંબમાં અને નાના મંદિરના પૂજારીને ભારણ પોષણમાં પડતી મુશ્કેલીમાં મદદરૂપ થવા થોડા દિવસો પહેલા સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા અનાજની કીટ અને રોકડ સહાય પહોંચતી કરવામાં આવી હતી. ત્યારબાદ ઘણા આ સેવાથી વંચિત એવા ઘણા કર્મ કાંડી બ્રાહ્મણ કુટુંબ તરફથી માંગણીઓ આવે છે જેને ધ્યાનમાં લઈને સંસ્થા દ્વારા ફરી કીટ બનાવવાનું આયોજન કરી જરૂરિયાત વાળા પરિવારને ફરી કીટનું વિતરણ કરી અને જરૂરિયાત મુજબ આર્થિક સહયોગ આપવાની કામગીરી શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા કરવામાં આવી રહી છે. અને આ કામગીરી જ્યાં સુધી જરૂર લાગશે ત્યા સુધી ચાલુ રખાશે તેમ સંસ્થાના પ્રમુખ પીનાકીન રાવલ અને મહામંત્રી નરેશ દવે દ્વારા જણાવાયું છે.




# ‘ભણે નરસૈયો જેનું દર્શન કરતાં, કુળ એકોતેર તાર્યા રે..!!’

## નરસિંહ મહેતાના આદર્શો પર જીવન જીવેલા શિક્ષક પિતાના અંતિમ દર્શન કલેક્ટર પુત્રએ માત્ર વિડિયોકોલથી કરીને ફરજને પ્રાધાન્ય આપ્યું

ગાંધીનગર, તા. ૩

તમે તમારા જીવનમાં કોઈને ઉપયોગી થજો પણ કોઈના જીવનમાં ઉપદ્રવી થશો નહિ... તમારી નોકરીની જવાબદારીને જીવનમાં નિષ્ઠાથી નિભાવજો એવી સતત શિખામણ આપતા પિતાના અંતિમ દર્શન અને અંતિમ યાત્રામાં વલસાડના નવનિયુક્ત કલેકટર બનેલ રમેશભાઈ રાવલના જીવનમાં આજે બની ગઈ.

એક તરફ કલેક્ટર તરીકે હાજર થયા; વાવાઝોડાનો ખતરો ટળ્યો હતો પણ આજે સવારે ૧૦ વાગે મોટાભાઈનો મહેસાણાથી ફોન આવ્યો કે પિતાજી હવે આપણી વચ્ચે રહ્યા નથી... હે... શબ્દો મુખમાંથી સરી પડ્યા... પણ બીજી જ મિનિટે સ્વસ્થતા ધારણ કરી તેમણે સંપૂર્ણ વિગતો જાણી.



કોરોનાના કહેર વચ્ચે અને વાવાઝોડાની ભીતિ વચ્ચે શું કરવુ તે અંગે નિર્ણય કરવાનો હતો પરંતુ પિતાજીની વાતો ઉપયોગી થજો... નિષ્ઠાથી ફરજ બજાવજો...ની વાતો માનસપટ પર અંકિત થઈ અને ફરજનું સ્થળ નહિ છોડવાનો નિર્ણય કર્યો.

પુનઃ ભાઈને મહેસાણા ફોન જોડ્યો કહ્યુ મને અંતિમ દર્શન કરાવો અને સોશિયલ ડિસ્ટન્સ જાળવજો... જેવી સામાજિક વાતો કરી હું નથી આવતો એની જાણ કરી.

ભાઈએ પણ મારી વાત સ્વીકારી અને વિડીયોકોલથી સ્મશાનયાત્રામાં તેઓ સામેલ થયા એટલુ જ નહિ પિતાને અગ્નિદાહ દેવાયો ત્યારે તેમને મનોમન શ્રદ્ધાંજલિ આપી તેમની જ શિખામણોને યાદ કરી.

આજે વલસાડના કલેક્ટર રમેશભાઈ રાવલના પિતા જે આજીવન શિક્ષક તરીકે જીવ્યા તેઓએ અંતિમ શ્વાસ મહેસાણા ખાતે તેમના દિકરાના ઘરે લીધા હતા. સવારે નિત્યક્રમ મુજબ ઉઠી સ્નાનાદિ વિધિ પતાવી, રોજના નિત્યક્રમ મુજબ પૂજા-અર્ચના કરી અને વિષ્ણુસહસ્ત્રનો પાઠ કરી તેમણે આ સંસારમાંથી વિદાય લીધી.

ઉનાવા મીરાદાતાર સ્કૂલમાં હિન્દી-સંસ્કૃતના શિક્ષક તરીકે જોડાયા બાદ એ જ શાળામાં આચાર્ય પદ સુધી પહોંચ્યા હતા. રમાશંકર માસ્તરના હુલામણા નામથી જાણીતા આ શિક્ષકે અનેક તેજસ્વી છાત્રો અને ઉત્તમ નહિ શ્રેષ્ઠ કામગીરી ધરાવતા યુવાઓની ભેટ સમાજને આપી હતી.

રમાશંકરભાઈના આજે દેહાવસાનથી ઉનાવા ગામે એક આદર્શ શિક્ષક ગુમાવ્યો છે. તેમનો વાંચન પ્રત્યેનો શોખ અનન્ય હતો. ભાગવત્, ગીતા સાહિત્ય અનો કવિધ ગ્રંથોનું તેમને પઠન કર્યુ હતુ. ઉનાવાની લાયબ્રેરીમાં ભાગ્યે જ કોઈ પુસ્તક બચ્યુ હશે જે તેમણે નહિ વાંચ્યુ હોય.

**વલસાડ જિલ્લા કલેક્ટર તરીકે નવ નિયુક્ત થયેલા ગાંધીનગરના પૂર્વ જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે વાવાઝોડાના સંકટ સમયે પિતાની આંતિમ ક્રિયામાં રૂબરૂ જવાનું ટાળી દાખવી અનોખી ફરજ નિષ્ઠા**

તેઓનું આજે ૮૪ વર્ષની વયે દેહાવસાન થયુ છે. રાજ્યના મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીએ શ્રી રાવલને તેમના વતન જવાની મંજૂરી આપી પણ ત્યાં પહોંચવામાં સારો એવો સમય જાય એ જાણતા હોવાથી પિતાની અંતિમ વિધિમાં વ્યર્ચુયલ હાજરી આપી. સલામ આ વોરિયરને...

બે-ત્રણ દિવસ બાદ તેઓ તેમના વતનમાં સામાજિક ક્રિયામાં હાજરી આપવા આવશે. પણ હાલ તો ઉપયોગી થજો... ઉપદ્રવી નહિ... નિષ્ઠાથી ફરજો નિભાવજોની વાતોને યાદ કરી પિતાને શ્રદ્ધાંજલિ આપી.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



**ભાભી તમે ચિંતા ન કરો, મને ખબર છે, અડતાલસમી કંકોત્રી વાળા સુશીલાબહેનની તબીયત સારી નથી એટલે એ નહીં આવે તો તમારી કંકોત્રી અને આમંત્રણ પાક્કુ...!!**

# પંચદેવ મંદિરે વડસાવિત્રી વ્રતની સામુહિક પૂજા બંધ રહેશે

## મહિલાઓએ પોતાના ઘરમાં જ વડપૂજન કરવુ : નીલકંઠ શાસ્ત્રી

ગાંધીનગર, તા. ૩

કોરોના વાયરસ કોવિડ-૧૯ના કારણે સામાન્ય જનજીવનમાં ઘણુ પરિવર્તન આવી રહ્યું છે અને તેની અસર આપણાં રોજબરોજના વાર તહેવારો પર પણ પડી રહી છે. આગામી તા. ૫ મી જૂન શુક્રવારે જ્યારે વડસાવિત્રીનું વ્રત છે ત્યારે આ વ્રતની ઉજવણી અત્યાર સુધી સેક્ટર-૨૨ના સુપ્રસિદ્ધ પંચદેવ મંદિરે સામુહિક પૂજા દ્વારા કરવામાં આવતી હતી તે આ વર્ષે બંધ રાખવામાં આવી છે અને શ્રદ્ધાળુ મહિલાઓને વડસાવિત્રીનું પૂજન ઘરમાં જ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

પંચદેવ મંદિરના ધર્માચાર્ય પૂ. ફૂલશંકર શાસ્ત્રીજીના પુત્ર શાસ્ત્રી નીલકંઠ મહારાજે જણાવ્યું છે કે વડસાવિત્રીના પૂજન માટે સ્કન્ધ પુરાણની આજ્ઞા મુજૂબ વડપૂજન કર્યા બાદ ઘરે પણ પૂજા કરવાની હોય છે. અત્યારે કોરોના કોવિડ-૧૯ની પ્રવર્તમાન સ્થિતિના કારણે હજુ ધાર્મિક સ્થળોને મંજૂરી મળી ના હોવાથી પંચદેવ મંદિરે દર વર્ષે યોજાતી સામુહિક વડપૂજા બંધ રાખવામાં આવી છે.

શાસ્ત્રી નીલકંઠ મહારાજે જણાવ્યું છે કે જાહેર આરોગ્યની જાળવણી માટે મહિલાઓએ સામુહિક વડપૂજન કરવું નહી પરંતુ ઘરમાં જ રહીને હળદળથી વડનું ચિત્ર દોરી તેમાં તથા એક કળશમાં જળ ભરેલ વડના પાંચ પાન મુકી ચોખા ભરેલા પાત્રમાં બ્રહ્મા, ધર્મરાજા, સાવિત્રી સત્યવાનની પૂજા કરવી જે શાસ્ત્ર માન્ય છે. કોવિડ-૧૯ મહામારીના કારણે પંચદેવ મંદિરે વડસાવિત્રી પૂજા બંધ રહેશે તેની નોંધ લેવી.



કોરોનાનો કહેર દિન પ્રતિદિન વધી રહ્યો છે ત્યારે હજુ પણ જાગૃતિનો અભાવ જોવા મળી રહ્યો છે. રોજબરોજ અનેક લોકો સાથે સંપર્કમાં આવતા શાકભાજીની લારીઓવાળા માસ્ક પહેરતા નથી. માસ્ક ન પહેરવા બદલ દંડ કરવાની જોગવાઈ હોવા છતાં તેનો કડકાઈથી અમલ થતો ન હોવાથી હજુ ઘણા લોકો માસ્ક પહેરવાનું ટાળે છે.

# દિવ્ય ભારત-ભવ્ય ગુજરાતનું નિર્માણ કરીશું : વિજય રૂપાણી

પર્યુષણ મહાપર્વ અવસરે મુખ્યમંત્રી વિજય રૂપાણીનું શ્રીમદ રાજચંદ્ર મિશન ધરમપુર દ્વારા મુંબઈમાં શાસનરત્ન એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીને શ્રીમદ રાજચંદ્ર મિશન ધરમપુરના સંસ્થાપક આધ્યાત્મિક ગુરૂદેવ રાકેશભાઈના હસ્તે શાસનરત્ન એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પિયુષ ગોયેલ તથા મુખ્યમંત્રી વિજય રૂપાણીના પત્ની અંજલિબહેન રૂપાણી સહિત હજારો મુમુક્ષુો મુંબઈમાં વરલી ખાતે આયોજિત આ સમારોહમાં ઉપસ્થિત હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, ભગવાન મહાવીરના વિચાર, બોધ, સત્ય, અહિંસા અને જીવદયાના આદર્શોથી પ્રધાનમંત્રીની કલ્પનાનું નયા ભારત જગદ્ગુરૂ બનશે. આપણે આ માટે દિવ્ય ભારત અને ભવ્ય ગુજરાતનું નિર્માણ કરીશું. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ શ્રીમદ રાજચંદ્ર મિશન દ્વારા ધરમપુરમાં નિર્માણ થયેલા એનિમલ નર્સિંગ હોમનું વર્ચ્યુઅલ લોકાર્પણ પણ કર્યું હતું. તેમણે ગુરૂદેવ રાકેશભાઈના પુસ્તક ભગવાન મહાવીરના મંગલમય સિધ્ધાંતોની હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી આવૃત્તિ અને સી.ડી.ના વિમોચન પણ કર્યા હતા. મુખ્યમંત્રીએ આ શાસનરત્ન એવોર્ડ સ્વીકારતાં કહ્યું કે, અહિંસા પરમોધત્મની ભાવના સાથે રામરાજ્યનું નિમાર્ણ થઈ રહ્યું છે, ત્યારે શ્રધ્ધા સાથે આપણે સૌ સાથે મળીને આગળ વધીએ. શ્રીમદ રાજચંદ્ર પૂજ્ય મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક ગુરૂ હતા. અહિંસાની કલ્પના શ્રીમદ રાજચંદ્રના બોધમાં રહેલી છે.



કોરોનાની મહામારીથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય માસ્ક છે. ઘરની બહાર નીકળો એટલે માસ્ક ફરજિયાતપણે પહેરવું જોઈએ. જો કે હજુ પણ કેટલાક લોકો માસ્ક પહેરતા નથી. ગાંધીનગર વાયુસેનાના સુપ્રિન્ટેન્ડેન્ટ મનરૂપસિંહ ચૌધરી પોતાના ઘરે માસ્ક બનાવી ગુજરાત પોલીસ, ફાયરબ્રિગેડ, રેલ્વે પોલીસ અને સિકયોરીટી ગાર્ડસને માસ્કનું વિતરણ કરી રહ્યા છે. તેઓએ ગાંધીનગર, ચિલોડા અને પેથાપુરમાં માસ્કનું વિતરણ કર્યું હતું.

## ગુજરાતમાં પ્રવેશતા મુસાફરો માટે આરોગ્યની ચકાસણી કરાઈ ફરજિયાત

ગાંધીનગર,તા.૩

ગુજરાતમાં પ્રવેશતા મુસાફરો માટે આરોગ્યની ચકાસણી ફરજિયાત બનાવી દેવાઈ છે. રાજ્યના ગૃહ વિભાગે ગુજરાતમાં પ્રવેશથી ચેકપોસ્ટ ઉપર બહારથી આવતા પ્રવાસીઓ કે મુસાફરોની આરોગ્ય ચકાસણી થાય તેવી વ્યવસ્થા કરવા આરોગ્ય વિભાગને આદેશ કર્યો છે. જો કોઈ બહારથી આવતા મુસાફરમાં કોઈ પણ પ્રકારનાં લક્ષણ દેખાય તો તાત્કાલિક અસરથી તેનું સંપૂર્ણ પરીક્ષણ કરવા માટે પણ આદેશ કર્યો છે. સાથે જ રાજ્યની તમામ ચેકપોસ્ટો પર આરોગ્ય પરીક્ષણ કરી શકાય તેવી વ્યવસ્થા કરવા માટે પણ કહેવાયું છે.

સરકારે જાહેર કરેલા પરિપત્રમાં જણાવ્યું કે, આંતર રાજ્ય અને રાજ્યની અંદર અવરજવર માટે કોઈ નિયંત્રણ નથી. તેથી મંજૂરી કે ઈ-પાસની આવશ્યકતા રહેતી નથી. તેમ છતાં અન્ય રાજ્યોમાંથી ગુજરાતમાં પ્રવેશતા મુસાફરોનું હેલ્થ ચેકઅપ થાય તે જરૂરી છે.

# ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકાના શહેરી-ગ્રામ્યના ૧૬,૧૨૪ વ્યક્તિઓનો નવા કન્ટેન્ટમેન્ટમાં સમાવેશ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાના જે ગામોમાં નોવેલ કોરોના વાઈરસના નવા પોઝિટીવ કેસો આવ્યા છે. તેમાં દહેગામ તાલુકામાં એક, ગાંધીનગર તાલુકામાં પાંચ, કલોલ તાલુકામાં ૧૦ અને માણસા તાલુકામાં ત્રણ ગામ મળી જિલ્લાના કુલ- ૧૯ ગામના અુમક વિસ્તારને કન્ટેન્ટમેન્ટ ઝોન તરીકે જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ જાહેર કર્યો છે. નવા કન્ટેન્ટમેન્ટ ઝોનમાં ૩૪૯૯ ઘરોની ૧૬,૧૨૪ વસ્તીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ જાહેરનામાં જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકાના કુલ- ૧૯ જેટલા ગામોમાં નોવેલ કોરોના વાયરસના નવા કેસો મળ્યા છે. તેવા ગામોના અુમક વિસ્તારને કન્ટેન્ટમેન્ટ ઝોનમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં દહેગામ તાલુકાના લવાડ ફાર્મમાં આવેલા ૨૧ ઘરની ૧૫૨ વસ્તી ધરાવતા વિસ્તારને કન્ટેન્ટમેન્ટ ઝોન તરીકે જાહેર કરવામાં આવ્યો છે. તે ઉપરાંત ગાંધીનગર તાલુકાના ખોરજ ગામનો હુડકા એરિયા, કુડાસણ ગામની શકુન સિલ્વર, ઉવારસદ ગામનો પગી વાસ, સરગાસણ ગામની સિધ્ધરાજ સોસાયટી અને વાસણ ગામનો વચલો વાસ મળી કુલ- ૩૫૨ ઘરોની ૧૪૮૨ વસ્તીનો સમાવેશ આ કન્ટેન્ટમેન્ટ ઝોનમાં કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત કલોલ તાલુકાના ધમાસણા, કલોલના મજૂર હાઉસીંગ સોસાયટી, કુંભારવાસ- જૂના ચોરા, કલ્યાણપુરા સુથાર વાસ, છાપરા, અંબિકા નગર, સરદારબાગ, ૩૨ કવાર્ટર, ગાયનો ટેકરો, મોખાસણ ગામના જુના અને મોટો પટેલ વાસ, પલિયડ-મોખાસણ ગામની સાર્વજનિક હોસ્પિટલના સ્ટાફ કવાર્ટરમાં આવેલા ૩૦૪૦ ઘરોમાં રહેતી ૧૪,૧૪૬ વસ્તીનો સમાવેશ કરવામાં આવ્યો છે. માણસા તાલુકાના ઈટાદરા, માણસા શહેરનો વિજય ટાવર અને સોહૂમ સોસાયટી, માણસા કોલેજ પાછળના વિસ્તારના ૮૬ ઘરોની ૩૪૪ વસ્તીના કન્ટેન્ટમેન્ટ ઝોનમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

તે ઉપરાંત ગાંધીનગર તાલુકાના કોલવડા ગામના પરમાર વાસ અને નજીકનો વિસ્તારના ૯૦ ઘરોની ૪૭૦ વસ્તી તા. ૨૬મી જૂન, ૨૦૨૦ સુધી, કલોલ શહેરના મહેન્દ્ર મિલ્સ- મેટ્રોના છાપરા વિસ્તારના ૩૩૪ ઘરોની ૨૩૧૬ વસ્તી ૨૩મી જૂન,૨૦૨૦ અને માણસા તાલુકાના બદપુરા ગામના ૪૧૫ ઘરોની ૧૮૧૨ વસ્તી તા. ૨૬મી જૂન, ૨૦૨૦ સુધી આ જૂના કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરેલા વિસ્તારમાં સુધારો કરવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં ફરજ પરના હાજર એક્ઝેકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી તેમજ પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓ તથા આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લધન કરનાર ઈસમો વિરૂધ્ધ લેખિત ફરિયાદ નોંધાવવા માટે જિલ્લા કલેકટરશ્રી દ્વારા અધિકૃત કરવામાં આવ્યા છે.




**ચિલોડા એસટી કંટ્રોલ પોઈન્ટ અનલોક-૧માં સંપૂર્ણ સાફ-સફાઈ કરી કાર્યરત કરાયું**

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથક છેલ્લા બે માસના લોકડાઉનના અંતે દહેગામ રોડ, મુખ્ય એપ્રોચ રોડ કોમ્પલેક્ષો, શોપિંગ બજારો ધમધમતા થયા છે. જ્યારે લોકડાઉનના લીધે ચિલોડા સર્કલ ધમધમતુ વાહન વ્યવહાર અને અસંખ્ય લોકોની અવરજવર બંધ થતાં સાવ સુમસામ બન્યું હતું. હવે અનલોક-૧ માં હળવી છૂટછાટ મળતાં લોકડાઉન ખુલતાં સમગ્ર બજારો ધમધમતા થઈ ગયા. ત્યારે ચિલોડા એસ.ટી. પોઈન્ટ પીકઅપ બસ સ્ટેન્ડ લોકડાઉનના લીધે બંધ થઈ ગયુ હતુ. ત્યારે હવે અનલોક-૧ ખુલતાં મુખ્ય એસ.ટી. બસ કંટ્રોલ પોઈન્ટ ચાલુ થતાં લોકોમાં રાહતની લાગણી પેદા થઈ છે. અગાઉ લોકડાઉનના લીધે બસ સ્ટેન્ડમાં બે માસથી સાફ-સફાઈના અભાવે ધૂળનો ઢગલો અને કચરાથી બિસ્માર બન્યું હતુ. હવે બસ સ્ટેન્ડ ચાલુ થતાં એસ.ટી. કન્ટ્રોલર ભરતભાઈ પટેલે તથા સ્વયંસેવકોએ પાણી અને પાવડરથી બે કલાક સુધી સાફ-સફાઈ દ્વારા સેનેટાઈઝેશનની કામગીરી, કંટ્રોલ પોઈન્ટ ઓફિસ અને બાંકડા સંપૂર્ણ રીતે સાફ સુફી કરી બસસ્ટેન્ડ કાર્યરત કરતા રાહત ઉભી થઈ છે.

**જાહેર નિવિદા નં.૧ સને ૨૦૨૦-૨૦૨૧**

**(માર્ગ અને મકાન વિભાગ (વિદ્યુત)**
**ગુજરાત સરકાર**
**(વિજળીકરણ કામના તેમજ અનુભવી ઠેકેદારો માટે)**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૧, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૫૧૪, ગાંધીનગર દ્વારા વિજળીકરણના ૧ થી ૨ કામો જેની અંદાજીત કિંમત રૂ. ૭૬,૪૦૫.૪૬ થી રૂ. ૧,૦૯,૬૮૬.૦૦ની વચ્ચે છે. ક્રમાંક ૧ થી ૨ ઓનલાઈનુ.હૅર્જ્ઞ઼િ.ર્દ્બ પરથી તા. ૩/૬/૨૦૨૦ થી ૧૨/૬/૨૦૨૦ને સમય ૧૬.૦૦ કલાક સુધી ડાઉનલોડ / અપલોડ કરી શકાશે. આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે.

માહિતી/૧૭૭/૨૦-૨૧